# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : શિતલ વૈશ્નવ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

## તા. ૨૭–૦૬–૨૦૨૪ સમય : સવારે ૬.૫૦

---

**લોકસભા અધ્યક્ષ :**

ભાજપના વરિષ્ઠ સાંસદ ઓમ બિરલાને ગઈકાલે 18મી લોકસભાના અધ્યક્ષપદે બીજી વાર ચૂંટવામાં આવ્યા છે. આ હોદ્દા માટે કોંગ્રેસના સાંસદ કે સુરેશને મેદાનમાં ઉતારનાર વિરોધ પક્ષોએ ગૃહમાં મતદાનની માંગણી ન કરતા ઓમ બિરલા ધ્વનિમતથી ચૂંટાયા હતા.

ચૂંટાયા બાદ પોતાના સંબોધનમાં ઓમ બિરલાએ ફરી એક વાર ગૃહનાં અધ્યક્ષ તરીકે કામ કરવાની તક આપવા બદલ ગૃહનાં તમામ સભ્યોનો આભાર માન્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે , સંસદનાં મૂલ્યો અને લોકશાહીની પરંપરાને સમૃધ્ધ કરવાની તેમની પ્રાથમિકતા રહેશે.

આર એન યુ

---

**શાળા પ્રવેશોત્સવ :**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૧માં રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો આરંભ ડાંગના બીલીઆંબાની પ્રાથમિક શાળામાંથી કરાવ્યો હતો.. તેમણે આ ગામની બાલવાટિકા , આંગણવાડી અને પ્રાથમિક શાળાના ૧૨૭ જેટલા બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ શાળાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે બેસીને તેમની સાથે સંવાદ સાધ્યો હતો..તે મણે શિક્ષકો, વાલીઓ અને

ગ્રામજનોને પણ બાળકના અભ્યાસ-શિક્ષણ પ્રત્યે વધુ ધ્યાન આપી સામાજિક દાયિત્વ નિભાવવા અપીલ કરી હતી.

સમગ્રરાજયની સાથે કચ્છમાં પણ અનેક સ્થળે ધારા સભ્યો આઈ.એ.એસ. અધિકારી સહિતનાએ બાળક ને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.

**રીજીયોનલ**

---

## ફુડ સેફટી :

ભારત સરકારની ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા , ન્યૂ દિલ્હી દ્વારાફૂડ સેક્ટરમાં ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેશ"ને વધુ પ્રોત્સાહન આપવા માટે અને ખાદ્ય પદાર્થના વેપાર સાથે સંકળાયેલા એકમોને તાત્કાલિક ફૂડ લાયસન્સ/રજીસ્ટ્રેશન ઇસ્યુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણય અંગે માહિતી આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે , ફૂડ સેક્ટર સાથે જોડાયેલા વેપારીઓની સરળતા માટે નવા ઉપક્રમ અંતર્ગત ગુજરાત રાજ્ય સહિત ચાર રાજ્યોમાં આ પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં આવશે. આ પાઈલોટ પ્રોજેક્ટનો શુભારંભ આગામી ૨૮મી જૂને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા દ્વારા દિલ્હી ખાતેથી કરાવવામાં આવશે

તેમણે ઉમેર્યું કે , આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ફૂડ સેક્ટર સાથે જોડાયેલા વેપારીઓએ યોગ્ય દસ્તાવેજો સાથે www.foscos.fssai.gov.in પર ઓનલાઈન અરજી કરી , ફી ચૂકવવાની રહેશે. ફી ચૂકવ્યા પછી GST અને આધાર સાથે વેરિફીકેશન થયા બાદ વેપારીઓને તુરંત જ ફૂડ લાઇસન્સ/રજિસ્ટ્રેશન ઈશ્યુ કરવામાં આવશે. ખોટા દસ્તાવેજો દર્શાવી આ પ્રકારે લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવવાના પ્રયાસો કરતા વેપારીઓને ૧૦ લાખ રૂપિયા સુધીના દંડની કાર્યવાહી કરવામાં આવશે.

**રીજીયોનલ**

---

## ડ્રગ્સ ડે :

ગઈકાલે ડ્રગના દુરૂપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામેના આંતરરાષ્ટ્રીય દિવસ" નિમિત્તે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે હરિયાણાની સ્ટેટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અને નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી વચ્ચે સમજૂતીના કરાર થયા હતા.

NFSUના કુલપતિ, ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, સામૂહિક પ્રયાસોથી ડ્રગ્સની સમસ્યાને જડમૂળથી ઉખેડી નાખવા આપણે સફળ થઇશુ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને તેમણે નાર્કો-ટેરરિઝમ સામેના યુદ્ધમાં સક્રિય ભાગ લેવાની પણ અપીલ કરી હતી.

**રીજીયોનલ**

---

## માંડવી કોલેરાગ્રસ્ત :

માંડવીમાં ઝાડા-ઉલ્ટીના કેસો વધતાં તંત્ર દ્વારા માંડવીને કોલેરાગ્રસ્ત જાહેર કરાયું હતું જેના પગલે સ્થાનિક તંત્ર દ્વારા મામલતદાર કચેરી મધ્યે તેમના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક બોલાવાઇ હતી જેમાં આરોગ્ય વિભાગ , માંડવી સુધરાઇના અધિકારીઓ અને પ્રતિનિધિઓ હાજર રહી વિવિધ ટીમો બનાવી તાત્કાલિક સાવચેતીના પગલાં લેવા તંત્ર દ્વારા નક્કી કરાયું હતું જેના માટે તંત્ર દ્વારા 25 ટીમ બનાવી શહેરના વિવિધ સ્થળે નિરીક્ષણ કરી અને વાકેફ કરાશે

જેમાં ખાણી-પીણી , હોટલ, રેસ્ટોરન્ટ, લોજ, બરફના કારખાના , કોલ્ડ સ્ટોરેજ તથા કાયમી પાણી ભરાઇ રહેતું હોય તેવી જગ્યાઓ સહિતની મુલાકાત કરાશે તેવું તાલુકાના સ્વાસ્થ્ય અધિકારી ડો. પાસવાને જણાવ્યું હતું

**કચ્છમિત્ર**

---

## વરસાદ :

રાજ્યમાં ગઈકાલે સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં 66 તાલુકાઓમાં ભારેથી મધ્યમ વરસાદ નોધાયો છે.. જેમાં સૌથી વધુ ગીર સોમનાથના કોડિનારમાં 78 મિલીમીટર , જૂનાગઢમાં 71 મિલીમીટર અ ને મોરબીના ટંકારામાં 69 મિલીમીટર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

તો કચ્છ જિલ્લામાં ગતરાત્રિ દરમિયાન એકમાત્ર લખપતને બાદ કરતાં બાકીના નવ તાલુકામાં સાર્વત્રિક અડધોથી ચાર ઇંચ વરસાદ વરસતાં બફારાથી અકળાતા જનજીવનને થોડી રાહત મળી હતી. રાત્રિ દરમ્યાન ગાંધીધામમાં સર્વાધિક ચાર ઇંચ, માંડવીમાં બે ઇંચ, અંજારમાં દોઢ ઇંચ, ભચાઉમાં એક ઇંચ, ભુજ-મુંદરા અને રાપરમાં અડધો ઇંચ તો અબડાસા તાલુકામાં ઝાપટાંથી લઇ એક ઇંચની મેઘવૃષ્ટિ થઇ હતી.

જ્યારે હવામાન વિભાગે ગુજરાતમાં આવનારા  સાત દિવસો દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે.

**કચ્છમિત્ર**

---

---